1 **<u>ક્રિમીનલ કેસ નંબર–૨૩૪૬/૨૦૨૬</u>**

GJBK020036902026

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ | | | |
| નોંધ્યા તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ | | | |
| નિર્ણય તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૬ | ૦૩ | |

**<u>નામદાર સુપ્રીમ કોર્ટ ના Suo Motu Writ(Cri) No. 1/2017 ના ચુકાદા તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર-VI ના પેરા-179 A અન્વયેના નોટિફિકેશન નંબર સી-૨૦૦૧-૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.</u>**

**<u>FORM-A</u>**

**બનાસકાંઠાના મીસ પલક બી.પટેલ, ત્રીજા ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટની અદાલત સમક્ષ, પાલનપુર @ બનાસકાંઠા.**

---------------------------------------------------------------------------------

( ચુકાદાની તા.૧૩–૦૮–૨૦૨૬)

**<u>ફોજદારી કેસ નંબર – ૨૩૪૬ / ૨૦૨૬</u>**

**<u>આંક-૨૯</u>**

**એફ.આઈ.આર. ની વિગતો /ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | **પાલનપુર પશ્ચિમ પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૫૦૧૦૨૫૦૮૧૪/૨૦૨૫** |
| **ગુન્હો** | **બી.એન.એસ.ની કલમ –૩૦૫(એ),૩૩૧(૪), ૫૪ મુજબ.** |
| **તહોમતનામા મુજબ તહોમત** | **બી.એન.એસ.ની કલમ –૩૦૫(એ),૩૩૧(૪), ૫૪ મુજબ.** |
| **ફરિયાદી** | **જીગ્નેશ ભીખાભાઇ પટેલ.**<br>ઉ.વ.૩૯, ધંધો–વેપાર,<br>રહે–મકાન નં.૧૫.૧૬, વીઆઇપી સોસાયટી જુના લક્ષ્મીપુરા પાલનપુર,તા.પાલનપુર, જી.બનાસકાંઠા. |
| **વિદ્વાન વકીલશ્રી** | **આર.એન.વકીલ** |
| **આરોપીઓ**<br>**તમામ યુ.ટી.પી.** | **(૧)અનીલ ઉર્ફે કાળીયો ઉર્ફે અન્નો કાન્તીભાઇ ભીખાભાઇ પુરબીયા(વાલ્મીકી).**<br>**ઉ.વ. ૩૨, ધંધો–ભંગારનો.**<br>રહે–સોલા, જનતાનગર, હેબતપુર ફાટક પાસે જય અંબે ફાર્મ હાઉસની નજીક છાપરામાં, |

| | |
|---|---|
| | અમદાવાદ,<br>મુળ રહે.પાનેસણા,તા.લીંબડી,જી.સુરેન્દ્રનગર.<br>**(૨) પિન્ટુ ઉર્ફે રાહુલ મોતીભાઇ સોમાભાઇ અહારી (મીણા)**<br>ઉ.વ.૨૮ ધંધો–મજુરી<br>હાલ રહે.ચાંગોદર અંકુર કંપની પાસે,<br>મુળરહે.ખજુરીયા(દેવ અમદાવાદ સોમનાથ)<br>તા.રઘનાથપુરા, જી.ડુંગરપુર<br>(રાજ.)મોનં.૯૭૨૫૧૪૩૫૪૦<br>**(૩) રાજા ઉર્ફે ટકલો મુન્નાભાઇ સતલુભાઇ કેવટ**<br>ઉ.વ.૨૫, ધંધો–ભંગારનું કામ<br>રહે.સોલા, આંબલી રેલ્વે સ્ટેશન પાસે, હેબતપુર ફાટક પાસે, જય અંબે ફાર્મ હાઉસની નજીક, છાપરામાં અમદાવાદ, મુળ રહે.બિથાન થાના–બકરી સલોના, તા.મલહાર, જી.બેગુલસરાય (બિહાર) મોનં.૯૬૩૮૧૭૭૧૮૭ |
| **એલ.એ.ડી.સી.આસીસ્ટનટ** | **એન.વી.સેગલ** |

**FORM-B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૯–૦૯–૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૩૦–૦૯–૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૮–૦૨–૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી નોંધ્યાની તારીખ | ૧૭–૦૨–૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૭–૦૨–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૩૧–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમ ની તારીખ જો હોય તો | –– |

**આરોપીઓની વિગત :-**

| નં | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તી તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામ આવ્યા કે દોષિત ઠરાવ્યા ? | શું સજા ? | સુનાવણી દરમયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સં.ની કલમ.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનીલ ઉર્ફે કાળીયો ઉર્ફે | ૩૧/૧૦/૨૫ | | બી.એન. એસ. કલમ– | નિર્દોષ | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અન્નો કાન્તીભાઇ ભીખાભાઇ પુરબીયા (વાલ્મીકી) | | | ૩૦૫ (એ), ૩૩૧ (૪), ૫૪ | | | |
| ૨ | પિન્ટુ ઉર્ફે રાહુલ મોતીભાઇ સોમાભાઇ અહારી (મીણા) | ૧૬/૧૨/ ૨૫ | | બી.એન. એસ. કલમ– ૩૦૫ (એ), ૩૩૧ (૪), ૫૪ | | | |
| ૩ | રાજા ઉર્ફે ટકલો મુન્નાભાઇ સતલુભાઇ કેવટ | ૧૬/૧૨/ ૨૫ | | બી.એન. એસ. કલમ– ૩૦૫ (એ), ૩૩૧ (૪), ૫૪ | | | |

**FORM-C**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::-**

**(એ) ફરિયાદપક્ષ તરફે ::-**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | જીગ્નેશભાઇ ભીખાભાઇ સોગંદપુર્વકની જુબાની | ફરીયાદી | ૧૫ |
| ૨ | ધવલ ગોવિંદભાઇ પટેલની સોગંદપુર્વકની જુબાની | પંચસાહેદ | ૧૭ |
| ૩ | ગોવિંદભાઇ નાગરભાઇ પટેલની સોગંદપુર્વકની જુબાની | સાહેદ | ૨૦ |
| ૪ | અશ્વિનભાઇ ડાહયાભાઇ પટેલની સોગંદપુર્વકની જુબાની | સાહેદ | ૨૧ |
| ૫ | ગૌતમભાઇ હીરાભાઇ પટેલની સોગંદપુર્વકની જુબાની | સાહેદ | ૨૨ |
| ૬ | દીલીપકુમાર રમેશભાઇ ગામીની સોગંદપુર્વકની જુબાની | સાહેદ | ૨૩ |
| ૭ | મનીષભાઇ હીરાભાઇ પટેલની સોગંદપુર્વકની જુબાની | પંચસાહેદ | ૨૫ |
| ૮ | સંજયકુમાર જયંતીલાલ પરમારની સોગંદપુર્વકની જુબાની | ત.ક.અમલ દાર | ૨૬ |

**(બી) બચાવપક્ષે જો સાહેદો જો હોય તો ::-**

| સાહેદ નંબર- | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | -- | -- | -- |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો ::-**

| સાહેદ નંબર- | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા ::-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદની ખરી નકલ | ૧૬ |
| ૨ | ઝડતી તપાસ પંચનામાની ખરી નકલ | ૧૮ |
| ૩ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૧૯ |
| ૪ | ચોરીમાં ગયેલ વસ્તુના ટચના પ્રમાણપત્રની ખરી નકલ | ૨૭ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા ::-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| -- | -- | -- |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા ::-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| -- | -- | -- |

## –: ચુ કા દો :–

## (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત ::–

હાલના આરોપી સામે બી.એન.એસ કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૫૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીશ્રી જીગ્નેશભાઇ ભીખાભાઇ જાતે પટેલની મોજે પાલનપુર અમદાવાદ હાઇ–વે ગ્રીન પાર્ક સોસાયટી ખાતેથી ગઇ તા.૨૯/૦૯/૨૦૨૫ના ક.૧૯/૩૦થી તા.૩૦/૦૯/૨૦૨૫ના ક.૦૮/૩૦ વાગ્યા દરમીયાન અજાણ્યા ચોર ઈસમોએ ફરીયાદીની દુકાનના પાછળના ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાં રહેલ તિજોરીનું લોકર તોડી અંદર પડેલ સોના ચાંદીના અલગ વજનના સિકકા તથા રોકડ રકમ મળી કુલ ૯૫,૦૦૦/– હજાર તથા સાહેદ ગોવિંદ મંગલમુર્તી માર્ટ નામની કરીયાણાની દુકાનનું પતરૂ ઉંચું કરી અંદર પ્રવેશ કરી રોકડ રકમ સીસીટીવી કેમેરાનું

ડીવીઆર તથા દુકાનમાં કરીયાણાનો પરચુરણ સામાન મળી કુલ કિંમત રૂપીયા ૫૬,૦૦૦/– મળી બંને દુકાનમાંથી કુલ કિં.રૂા.૧,૫૧,૦૦૦/–ના મુદામાલની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ગુનો કરતા સદર ગુના અંગેની ફરીયાદ ફરીયાદીએ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં જાહેર કરતાં આરોપી વિરુધ્ધ બી. એન. એસ કલમ– ૩૦૫(એ),૩૩૧(૪),૫૪ મુજબના ગુન્હાના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ સબબ ગુન્હાની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્ઝશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) **આરોપીઓ હાજર થતા અદાલતે અનુસરેલી કાર્યવાહી ::–**

ચાર્જશીટ રજુ થતા જે ફોજદારી કેસ નં.૬૭૧૨/૨૬થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે આ કામના આરોપીને સમન્સ કરવામાં આવેલ, સદરહુ સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં બી.એન.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડી, આંક–૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી, સમજાવી આંક–૫ થી ૭ આરોપીઓનો જવાબ નોંધતા આરોપીએ ગુનાનો ઇનકાર કરતા કેસ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૨૮થી પુરસીસ રજુ રાખી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીઓએ પુરાવાનો ઈન્કાર કરેલ અને આરોપીઓ સોગંદ ઉપર પુરાવા આપવા માંગતા નથી કે બચાવના સાહેદ તપાસવા માંગતા નથી અને આરોપીઓ કેસ અંગે વિશેષમાં એવું જણાવે છે કે," અમો આરોપી નિર્દોષ છીએ, ખોટી ફરીયાદ દાખલ કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે."

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.એન.વકીલ તથા આરોપી તરફે એલ.એ.ડી.સી. આસીસ્ટન્ટશ્રી.એન.વી.સેગલ મૌખિક

દલીલો સાંભળી. જે દલીલોને પુનરાવર્તન ટાળવાના હેતેસર અત્રે રીપ્રોડયુસ કરવામાં આવેલ નથી.

**(૫)** બંને પક્ષે દલીલો સાંભળ્યા બાદ આરોપી સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઇને ધ્યાને લઇ હાલના કેસના ગુણદોષ ઉપરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીશ્રી જીગ્નેશભાઇ ભીખાભાઇ જાપે પટેલની મોજે પાલનપુર અમદાવાદ હાઇ–વે ગ્રીન પાર્ક સોસાયટી ખાતેથી ગઇ તા.૨૯/૦૯/૨૦૨૫ના ક.૧૯/૩૦થી તા.૩૦/૦૯/૨૦૨૫ના ક.૦૮/૩૦ વાગ્યા દરમીયાન અજાણ્યા ચોર ઇસમો કોઇ અજાણ્યા ઇસમોએ ફરીયાદીની દુકાનના પાછળના ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાં રહેલ તિજોરીનું લોકર તોડી અંદર પડેલ સોના ચાંદીના અલગ વજનના સિકકા તથા રોકડ રકમ મળી કુલ ૯૫,૦૦૦/– હજાર તથા સાહેદ ગોવિંદ મંગલમુર્તી માર્ટ નામની કરીયાણાની દુકાનનું પતરૂ ઉંચું કરી અંદર પ્રવેશ કરી રોકડ રકમ સીસીટીવી કેમેરાનું ડીવીઆર તથા દુકાનમાં કરીયાણાનો પરચુરણ સામાન મળી કુલ કિંમત રૂપીયા ૫૬,૦૦૦/– મળી બંને દુકાનમાંથી કુલ કિં.રૂા.૧,૫૧,૦૦૦/–ના મુદામાલની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.કોડ ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨)શું હુકમ ?

**(૭)**ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

(૮) **મુદદા નં.૧ ::–**

આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી જીગ્નેશ ભીખાભાઈ પટેલને આંક–૧૫થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીપુરા ગામે રહે છે અને અમદાવાદ હાઈવે ગ્રીન પાર્ક સોસાયટી સામે સ્પેસીફીક મલ્ટીટેડર્સ નામની ટાઈલ્સ અને સેનેટરીની ભાગીદારીની દુકાન ધરાવે છે અને તેમના ભાગીદાર અશ્વીનભાઈ ડાહ્યાભાઈ પટેલ છે. આશરે નવ મહીના પહેલાં સાંજના સાડા સાત વાગ્યે તેઓ તથા અશ્વીનભાઈ દુકાન વધાવીને ઘરે ગયેલા અને બીજા દીવસે સવારે સાડા આઠ વાગ્યે તેઓ બંને જણા દુકાન ઉપર ગયેલ તે વખતે તેમની બાજુમા આવેલ મંગલમુર્તી માર્ટના માલીક ગોવીંદભાઈ નાગરભાઈ પટેલ હાજર હતા અને તેઓએ જણાવેલ કે તેમની દુકાનમાં સીલીંગનું પતરું તોડી ચોરી થયેલાનું જણાવેલ જે બાદ તેઓએ તેમની દુકાનનું શટર ખોલી જોયેલ હોય તો દુકાનના ટેબલ ઉપર માલસામાન વેરવીખેર પડેલ હતો અને સેફટીગ્રીલ તુટેલ હતી અને સ્લાઈડર બારી ખુલ્લી જણાયેલી અને માલ સામાનનો ધોડો નીચે પડેલ હતો અને દુકાનનો માલ સામાન વેરવીખેર પડેલ હતો. લોખંડની તીજોરીનું લોક તુટેલું હતું અને તેમાં ચેક કરતાં ચાંદીના સીકકા નંગ–૧૦ તેમજ સોનાના સીકકા નંગ–૬ તેમજ રોકડ રકમ રુપીયા ૨૫૦૦૦/– તીજોરીમાં જણાયેલ નહીં એમ કુલ ૯૫૦૦૦/– રુપીયાની ચોરી થયેલાનું જણાયેલ હતું. ત્યાર બાદ તેમની બાજુમાં આવેલ ગોવીદભાઈની કરીયાણાની દુકાનનું પતરું ઉંચુ કરી રોકડ રકમ તથા ડીવીઆર તથા પરચુરણ સામાન ચોરી થયેલાનું મને જાણવા મળેલું જેથી મે આ ચોરી થયા બાબતની ફરીયાદ પાલનપુર શહેર પશ્રિમ પોલીસ સ્ટેશનમાં આપેલી. તેઓને આંક–૧૬ની ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેમને પાછળથી જાણવા મળેલ નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. ફરીયાદ મે અજાણયા ઇસમો સામે આપેલી. આરોપીને હું ઓળખતો નથી. મારા સમાજના માણસો ભેગા થયેલા અને પોલીસ સ્ટેશને ગયેલા અને તેઓ બધા મળીને ફરીયાદ લખાવેલી. બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી.

**(૮.૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ ગોવિંદભાઇ નાગરભાઇ પટેલને આંક–૨૦થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીપુરા ગામે રહે છે અને અમદાવાદ હાઇવે ગ્રીન પાર્ક સોસાયટી સામે મંગલમૃર્તી મોલ ચલાવે અને ગોતમભાઇ હીરાભાઇ પટેલ તેઓના ભાગીદાર છે. તેઓ બંને જણા રોજીંદા સમય મુજબ સવારના આઠથી રાત્રીના સાડા આઠ સુધી મોલમાં બેસે છે. તા.૨૯/૯/૨૦૨૫ ના રોજ સાંજના સાડા સાત વાગ્યે તેઓ તથા ગોતમભાઇ દુકાન વધાવીને ધરે ગયેલા અને બીજા દીવસે સવારના આઠ વાગ્યે તેઓ બંને જણા દુકાન ગયેલા અને મોલનો દરવાજો ખોલીને જોયેલ તો તેમની દુકાનનું ઉપરનું પતરુ ઉંચુ કરી કોઇ અજાણ્યા ઇસમો દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટરના ડોવરમાંથી રોકડ રકમ રુપીયા ૫૦,૦૦૦/– તથા સીસીટીવી કેમેરાનું ડીવીઆર તોડી નાખેલું અને સાથે લઇ ગયેલા તેમજ કરીયાણાનો પરચુરણ સામાન રુપીયા પાંચ હજાર નો કુલ રકમ રુ.૫૬૦૦૦/– ની ચોરી થયેલાનું જણાયેલ. તેઓની બાજુની દુકાનમાં ચોરી થયેલાનું તેમને જાણવા મળેલ અને ત્યાં જઇને જોયેલ તો સ્પેસીફીક મલ્ટી ટ્રેડીંગની દુકાનમાં દુકાનના ટેબલ ઉપર માલસામાન વેરવીખેર પડેલ હતો અને સેફટીગ્રી્લ તુટેલ હતી અને સ્લાઇડર બારી ખુલ્લી જણાયેલ અને માલ સામાનનો ઘોડો નીચે પડેલ હતો અને દુકાનનો માલ–સામાન વેરવીખેર પડેલ હતો. લોખંડની તીજોરીનું લોક તુટેલું હતું અને તેમાં ચેક કરતાં ચાંદીના સીકકા નંગ–૧૦ તેમજ સોનાના સીકકા નંગ–૬ તેમજ રોકડ રકમ રુપીયા ૨૫૦૦૦/– તીજોરીમાં જણાયેલ નહીં એમ કુલ ૯૫૦૦૦/– રુપીયાની ચોરી થયેલાનું જણાયેલ. જીગ્નેશભાઇએ પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે તેમનું નીવેદન લીધેલું. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ

કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેમને પાછળથી જાણવા મળેલુ નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. ફરીયાદ મે અજાણયા ઇસમો સામે આપેલી. આરોપીને હું ઓળખતો નથી. બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ અશ્વીનભાઇ ડાહ્યાભાઇ પટેલને આંક–૨૧થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીપુરા ગામે રહે છે અને અમદાવાદ હાઇવે ગ્રીન પાર્ક સોસાયટી સામે સ્પેસીફીક મલ્ટીટ્રેડર્સ નામની ટાઇલ્સ અને સેનેટરીની ભાગીદારીની દુકાન ધરાવે છે અને તેમના ભાગીદાર જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ છે. આશરે નવ મહીના પહેલાં સાંજના સાડા સાત વાગ્યે તેઓ તથા જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ દુકાન વધાવીને ધરે ગયેલા અને બીજા દીવસે સવારે સાડા આઠ વાગ્યે તેઓ બંને જણા દુકાન ઉપર ગયેલ તે વખતે તેમની બાજુમા આવેલ મંગલમુર્તી માર્ટના માલીક ગોવીંદભાઇ નાગરભાઇ પટેલ હાજર હતા અને તેઓએ જણાવેલ કે તેઓની દુકાનમાં સીલીંગનું પતરું તોડી ચોરી થયેલાનું જણાવેલ. જે બાદ તેઓએ તેમની દુકાનનું શટર ખોલી જોયેલ હોય તો દુકાનના ટેબલ ઉપર માલસામાન વેરવીખેર પડેલ હતો અને સેફટીગ્રી્લ તુટેલ હતી અને સ્લાઇડર બારી ખુલ્લી જણાયેલી અને માલ સામાનનો ધોડો નીચે પડેલ હતો અને દુકાનનો માલ–સામાન વેરવીખેર પડેલ હતો. લોખંડની તીજોરીનું લોક તુટેલું હતું અને તેમાં ચેક કરતાં ચાંદીના સીકકા નંગ–૧૦ તેમજ સોનાના સીકકા નંગ–૬ તેમજ રોકડ રકમ રુપીયા ૨૫૦૦૦/– તીજોરીમાં જણાયેલ નહીં એમ કુલ ૯૫૦૦૦/– રુપીયાની ચોરી થયેલાનું જણાયેલ હતું. ત્યાર બાદ તેમની બાજુમાં આવેલ ગોવીદભાઇની કરીયાણાની દુકાનનું પતરું ઉંચુ કરી રોકડ રકમ તથા ડીવીઆર તથા પરચુરણ સામાન ચોરી થયેલાનું તેઓને જાણવા મળેલું જેથી જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ આ ચોરી થયા બાબતની ફરીયાદ

પાલનપુર શહેર પશ્રિમ પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે તેમનું નીવેદન લીધેલ. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેઓને પાછળથી જાણવા મળેલું નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ જે ફરીયાદ આપેલ તે અજાણયા ઇસમો સામે આપેલી. આરોપીને હું ઓળખતો નથી. બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી.

**(૮.૪)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ ગૌતમભાઇ હીરાભાઇ પટેલને આંક–૨૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીપુરા ગામે રહે છે અને અમદાવાદ હાઇવે ગ્રીન પાર્ક સોસાયટી સામે મંગલમૃર્તી મોલ ચલાવે છે અને ગોવીંદભાઇ નાગરભાઇ પટેલ તેમના ભાગીદાર છે. તેઓ બંને જણા રોજીંદા સમય મુજબ સવારના આઠથી રાત્રીના સાડા આઠ સુધી મોલમાં બેસે છે. તા.૨૯/૯/૨૦૨૫ ના રોજ સાંજના સાડા સાત વાગ્યે તેઓ તથા ગોવીંદભાઇ દુકાન વધાવીને ધરે ગયેલા અને બીજા દીવસે સવારના આઠ વાગ્યે તેઓ બંને જણા દુકાન ગયેલા અને મોલનો દરવાજો ખોલીને જોયેલ તો તેમની દુકાનનું ઉપરનું પતરુ ઉંચુ કરી કોઇ અજાણ્યા ઇસમો દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટર ના ડોવરમાંથી રોકડ રકમ રુપીયા ૫૦,૦૦૦/– તથા સીસીટીવી કેમેરાનું ડીવીઆર તોડી નાખેલું અને સાથે લઇ ગયેલા તેમજ કરીયાણાનો પરચુરણ સામાન રુપીયા પાંચ હજાર નો કુલ રકમ રૃા.૫૬૦૦૦/– ની ચોરી થયેલાનું જણાવેલ. તેમની બાજુની દુકાનમાં ચોરી થયેલાનું તેમને જાણવા મળેલું અને ત્યાં જઇને જોયેલ તો સ્પેસીફીક મલ્ટી ટ્રેડીંગની દુકાનમાં દુકાનના ટેબલ ઉપર માલસામાન વેરવીખેર પડેલ હતો અને સેફટીગ્રીલ તુટેલ હતી અને સ્લાઇડર બારી ખુલ્લી જણાયેલી અને માલ સામાનનો ધોડો નીચે પડેલ હતો અને દુકાનનો માલ સામાન વેરવીખેર પડેલ હતો. લોખંડની તીજોરીનું લોક તુટેલું હતું અને તેમાં ચેક કરતાં ચાંદીના સીકકા નંગ–૧૦ તેમજ સોનાના સીકકા નંગ–૬ તેમજ

રોકડ રકમ રુપીયા ૨૫૦૦૦/– તીજોરીમાં જણાયેલ નહીં એમ કુલ ૯૫૦૦૦/– રુપીયાની ચોરી થયેલાનું જોયેલ હતું. જીગ્નેશ ભાઈએ પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે તેમનું નીવેદન લીધેલ. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેમને પાછળથી જાણવા મળેલું નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. ફરીયાદ મે અજાણયા ઈસમો સામે આપેલી. આરોપીને હું ઓળખતો નથી. બનાવ બાબતે મને કોઈ જાત માહીતી નથી.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ દીલીપકુમાર રમેશભાઈ ગામીને આંક–૨૩થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ચંગવાડા ગામે રહે છે અને અમદાવાદ હાઈવે ગ્રીન પાર્ક સોસાયટી સામે સ્પેસીફીક મલ્ટીટેડર્સ નામની ટાઈલ્સ અને સેનેટરીની ભાગીદારીની દુકાન ધરાવે છે અને તેમના ભાગીદાર જીગ્નેશભાઈ ભીખાભાઈ પટેલ તથા અશ્વીનભાઈ ડાહ્યાભાઈ પટેલ છે. તા.૩૦/૯/૨૦૨૫ ના સવારના નવ વાગ્યે તેઓ તેમની દુકાન ઉપર આવેલ ત્યારે અશ્વીનભાઈ ડાહ્યાભાઈ પટેલે તેમને વાત કરેલ કે આશરે નવ મહીના પહેલાં સાજના સાડા સાત વાગ્યે તેઓ તથા જીગ્નેશભાઈ ભીખાભાઈ પટેલ દુકાન વધાવીને ધરે ગયેલા અને બીજા દીવસે સવારે સાડા આઠ વાગ્યે તેઓ બંને જણા દુકાન ઉપર ગયેલ તે વખતે તેમની બાજુમા આવેલ મંગલમુર્તી માર્ટના માલીક ગોવીંદભાઈ નાગરભાઈ પટેલ હાજર હતા અને તેઓએ જણાવેલ કે તેમની દુકાનમાં સીલીંગનું પતરું તોડી ચોરી થયેલાનું જણાવેલ. તેઓએ તેમની દુકાનનું શટર ખોલી જોયેલ હોય તો દુકાનના ટેબલ ઉપર માલસામાન વેરવીખેર પડેલ હતો અને સેફટીગ્રીલ તુટેલ હતી અને સ્લાઈડર બારી ખુલ્લી જણાયેલ અને માલ સામાનનો ધોડો નીચે પડેલ હતો અને દુકાનનો માલ સામાન વેરવીખેર પડેલ હતો. લોખંડની તીજોરીનું લોક તુટેલું હતું અને તેમાં

ચેક કરતાં ચાંદીના સીકકા નંગ–૧૦ તેમજ સોનાના સીકકા નંગ–૬ તેમજ રોકડ રકમ રુપીયા ૨૫૦૦૦/– તીજોરીમાં જણાયેલ નહીં એમ કુલ ૯૫૦૦૦/– રુપીયાની ચોરી થયેલાનું જણાયેલ હતું. ત્યાર બાદ તેમની બાજુમાં આવેલ ગોવીદભાઇની કરીયાણાની દુકાનનું પતરું ઉંચુ કરી રોકડ રકમ તથા ડીવીઆર તથા પરચુરણ સામાન ચોરી થયેલાનું તેઓને જાણવા મળેલું તેવી હકીકત તેઓને જણાવેલ અને સ્થળ ઉપર તેઓએ બધુ જોયેલું. જેથી જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ આ ચોરી થયા બાબતની ફરીયાદ પાલનપુર શહેર પશ્રિમ પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે તેમનું નીવેદન લીધેલું. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેમને પાછળથી જાણવા મળેલું નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીંપોલીસે તેમનું નીવેદન લીધેલું. ફરીયાદ કર્યા બાદ પોલીસે મુદામાલ કોની પાસેથી કબજે કરેલ તેની તેમને જાત માહીતી નથી. ફરીયાદ કર્યા બાદ પોલીસ તેમની દુકાને આવેલી અને કાર્યવાહી કરેલી. તેમની દુકાનમાં ચોરી કોણે કરેલી તે તેમને પાછળથી જાણવા મળેલું નહીં. આરોપી બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. જીગ્નેશભાઇ ભીખાભાઇ પટેલ જે ફરીયાદ આપેલ તે અજાણયા ઇસમો સામે આપેલી. આરોપીને હું ઓળખતો નથી. બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી.

**(૮.૬)** આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર સંજયકુમાર જયંતીલાલ પરમારને આંક–૨૬થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ એલ.સી.બી પાલનપુર ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પાલનપુર શહેર પશ્રિમ પો.સ્ટે વિસ્તારમાં એલ.સીબી સ્ટાફ સાથે પેટોલીંગમાં હતા. તે દરમ્યાન પાલનપુર શહેર પ્રકાશનગર થી તાજપુરા જતા રોડ ઉપર ક્રિશ્ચનોના સ્મશાનગુહની સામે વળાંકમાં વાહન ચેકીંગ દરમ્યાન એક મોટર સાયકલ

ઉપર બે ઈસમો તથા એકટીવા ઉપર એક ઈસમ મળી કુલ ત્રણ ઈસમો શંકાસ્પદ જણાઈ આવતાં કબજાના મોટર સાયકલ તથા એકટીવા બાબતે આ ત્રણેય ઈસમો સંતોષકારક જવાબ ના આપતાં નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રુબરુ નામઠામ પુછતાં (૧) પીન્ટુ ઉર્ફે રાહુલ મોતીભાઈ સોમાભાઈ અહારી ઉ.વ.૨૮ રહે.ચાંગોદર,અમદાવાદ મુળ રહે.ખજુરીયા જિ.ડુંગરપુર (રાજસ્થાન) (૨) અનીલ ઉર્ફે કાળીયો ઉર્ફે અન્નો કાન્તીભાઈ ભીખાભાઈ પુરબીયા ઉ.વ.૩૨ રહે.સોલા જનતાનગર પાસે,અમદાવાદ મુળ.રહે.પાનેસણા જિ.સુરેન્દ્રનગર (૩) રાજા ઉર્ફે ટકલો મુન્નાભાઈ સતલુભાઈ કેવટ ઉ.વ.૨૫ રહે.સોલા,અમદાવાદ મુળ રહે.બીથાન તા.મલ્હાર જિ.બેગુસરાય (બિહાર) હોવાનું જણાવેલ. પંચો રુબરુ અંગજડતી કરતાં તેમની પાસેથી કુલ–૨ મોબાઈલ મળી આવેલ તથા લોખંડ કાપવાની હેકસો બ્લેડ તથા એક લીલા કલરના હાથાવાળું ડીસમીસ તથા એક નાનું ડીસમીસ તથા લોખંડનું પકકડ તેમજ હાથમાં પહેરવાના સ્ટીલના કડા,એક લોખંડના હાથાવાળો હથોડો, એક લોખંડની પતરુ કાપવાની કાતર તથા એક પ્લાસ્ટીકના પારદર્શક ડબામાં સફેદ ધાતુની લગડીઓ તથા સિકકા કુલ–૧૭ મળી આવેલ જે બાબતેનું આંક–૧૮ વાળું પંચનામું પંચો રુબરુ કલાક ૧૫/૩૦ થી ૧૭/૦૦ સુધી કરેલું તેમાં પંચોની સહીઓ કરાવેલ અને રુબરુ તરીકે તેમની સહી કરેલ. આરોપીઓના નીવેદન લીધેલ તથા સોનીને બોલાવી ઉપરોકત સફેદ ધાતુની ઓળખ કરાવી તે અંગેનું સોની ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણની સહીવાળું પ્રમાણપત્ર મેળવેલ જે કાગળો સાથે સામેલ રાખેલ તથા આરોપીઓને અટકાયત કરેલ અને પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓશ્રીને ઉપરોકત સાધનીક કાગળો તથા આરોપીઓ સોંપી અટકાયત ની સ્ટેશન ડાયરીમાં નોધ કરાવેલ. તેમને સોની ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણની સહીવાળું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે અસલ કાગળોમાં સામેલ રાખેલ.

બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામું કર્યુ તે જાહેર જગ્યા છે ત્યાં સતત વાહનો અને

માણસોની અવર જવર રહે છે. મે ગુનાના જરૂરી સાહેદના નીવેદનો લીધેલા તે સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૮.૭) સદર કામે ફરીયાદ પક્ષ તરફે પંચસાહેદ ધવલ ગોવિંદભાઇ પટેલને આંક–૧૭ થી તેમજ પંચસાહેદ મનીષભાઇ હીરાભાઈ પટેલને આંક–૨૫થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનમામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલ. જે આંક–૧૮ના પંચનામામા ફકત તેમની સહી ઓળખી બતાવે છે. સદર બંને સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો કોર્ટની પરવાનગીથી પુછતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી મહત્વની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદર સાહેદની બચાવ પક્ષ તરફે કોઈ ઉલટ તપાસમાં કરવામાં આવેલ નથી.

(૯) આમ આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, એક પણ સાહેદની જુબાનીથી આરોપીઓની ઓળખાણ પ્રસ્થાપિત થતી નથી. વધુમાં, ફરીયાદીએ પોતાની ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે, પરંતુ ઉલટતપાસથી ફરીયાદીની ફરીયાદ પુરવાર થઇ શકે તેવો કોઇ સબળ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ સાબિત થતી નથી. વધુમાં, આ કામે રીકવરી પંચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકકીત જણાવેલ છે ત્યારે રીકવરીને પણ સમર્થન મળતુ નથી. ફરીયાદીના ઉપરોકત પુરાવા ઉપર આધાર રાખી હાલના આરોપીને બી.એન.એસની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુના સાથે શંકાથી પર રહી સ્પષ્ટ પણે સાંકળી શકાય તેમ નથી. આમ, આ કામના ફરીયાદી તથા સાહેદો ફરીયાદ હકીકતને તેમજ આ કામના પંચ સાહેદોએ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો રજુ રાખેલ ન હોઈ, તેથી આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આરોપી સામેનો આરોપ ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય અને આરોપીને તેઓની સામેના ગુનામાં સાંકળી શકાય તેવો સબળ પુરાવો

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ના હોય, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

**(૧)** બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧(૧) અન્વયે આરોપીઓ **(૧) અનીલ ઉર્ફે કાળીયો ઉર્ફે અન્નો કાન્તીભાઇ ભીખાભાઇ પુરબીયા(વાલ્મીકી), (૨) પિન્ટુ ઉર્ફે રાહુલ મોતીભાઇ સોમાભાઇ અહારી (મીણા), (૩)રાજા ઉર્ફે ટકલો મુન્નાભાઇ સતલુભાઇ કેવટ**નાઓને બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધી રૂા.૧૫,૦૦૦/–ના જાતમુચરકા રજુ કરવા તથા જેલમુકત થયેથી અપીલ સમય સુધી માટે રૂા.૧૫,૦૦૦/–ના સધ્ધર જામીન રજુ રાખવા.

**(૩)** હાલના આરોપીઓ જો અન્ય કોઇ ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં ના હોય તો જાતજામીન રજુ થયેથી ત્વરીત જેલ મુકત કરવો.

**(૪)** સદર કામે મુદ્દામાલ પાવતી નંબર – ૨૧૫/૨૦૨૫ તા. ૨૯/૧૦/૨૦૨૫ મુજબનો મુદ્દામાલ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીએ માલીકીપણાની ખરાઇ કરી તેના અસલી માલીકને પરત કરવો તેમજ તમામ મુદ્દામાલના કલર ફોટો તેના અસલી માલીકના ખર્ચે પડાવી સદર કામે અલાયદી યાદીથી રજ રાખવા.જોતે પો.સ્ટેશને જરૂરી યાદી કરવી.

હુકમ તા.૧૩મી, માહે.ઓગષ્ટ, સને–૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી સહી–સિકકો કરી જાહેર કર્યો.

મુ.પાલનપુર.

તા.૧૩/૦૮/૨૦૨૬

(મીસ પલક બિપીનચંદ્ર પટેલ)
ત્રીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા–પાલનપુર.
(કોડ નં. જી.જે.–૦૧૧૧૧)